MEGHDOOT TODAY WEEKLY NEWS

મેઘદૂત ટુડે

સામાહિક સમાચાર

Valsad

21 January, 2020

# ‘શ્રીમદ્ રાજચંદ્ર સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર’ ના યુવકોએ આપ્યો અન્યોને સ્વનિર્ભરતાનો સંદેશ : મુંબઈ મેરેથોન ૨૦૨૦

**વલસાડ**

વિશ્વની સૌથી મોટી મેરેથોનમાંની એક એવા મુંબઈ મેરેથોન ૨૦૨૦ નો ડ્રીમ રન હંમેશા વિશેષ હોય છે, તેમાં આ વર્ષે ખાસ આકર્ષણનું કેન્દ્ર બનેલા, ધરમપુર વિસ્તારના ‘શ્રીમદ્ રાજચંદ્ર સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર’ માં તાલીમ લીધેલ યુવાઓ સંદીપભાઈ કુન્વર, હીરેનભાઈ ગનવીત અને તેમના ટ્રેનર ધરમવીર પ્રજાપતિ! થોડાં જ સમય પહેલાં અહીં તાલીમ લેનારા આજે પોતે તો સ્વનિર્ભર બન્યા જ છે, પણ અહીં મેરેથોનમાં ભાગ લઈ તેઓ અન્યોને પણ પ્રેરણા આપવા આગળ આવ્યા હતા!

બેરોજગારીની સમસ્યા શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં સમાનપણે ગંભીર બાબત છે. ઘણી વ્યિઞ્તઓની શૈક્ષણિક લાયકાત મર્યાદિત હોય પણ તેઓમાં બીજી કોઈ આવડત સારી હોય. આથી તેમની એ આવડતને વ્યાવસાયિક તાલીમ દ્વારા વિકસાવી તેમને યોગ્ય રોજગાર મળે તે માટે પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈ સંસ્થાપિત સેવા અભિયાન ‘શ્રીમદ્ રાજચંદ્ર લવ એન્ડ કેર’ દ્વારા ગુજરાતના વલસાડ જિલ્લામાં આવેલ ધરમપુરમાં ‘શ્રીમદ્ રાજચંદ્ર સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર’ની રચના કરવામાં આવી છે. ગ્રામીણ યુવાવર્ગને ટૂંકા સમયગાળાના રોજગારલક્ષી વ્યાવસાયિક શિક્ષણ, તાલીમ અને અનુભવ આપી, તેમને પોતાના પગભર થવા સહાયક બનવા માટે ‘શ્રીમદ્ રાજચંદ્ર સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર’એક સંનિષ્ટ પ્રયાસ છે. અહીં તેમનામાં નવીન વિચારાત્મક, સંશોધનાત્મક વલણ ખીલવવામાં આવે છે, જે આ યુવાનોમાં ઉદ્યોગ શરૂ કરવાની સાહસિકતા કે રોજગાર મેળવવા કાબેલ બનાવે છે. તેઓને ઝડપભેર રોજગારી મળે તેવા અભ્યાસક્રમોનું અહીં તદ્દન નિંશુલ્ક આયોજન કરવામાં આવ્યું છે, જેમ કે મોબાઈલ હેન્ડ સેટ ફોન રીપેરીંગ, ઈલેઞ્ટ્રિશયન, બેડ સાઈડ પેશન્ટ આસિસ્ટંટ વગેરે. આ અભ્યાસક્રમોમાં સ્નાતક થયા પછી દરેક વિદ્યાર્થીઓને ભારત સરકારના નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશન **NSDC** સમર્થિત સર્ટીફિકેટ આપવામાં આવે છે. **NSDC** દ્વારા અધિકૃત જાબ્સ ઍકેડમી આ સેન્ટરની સહભાગી સંસ્થા છે.









દર વર્ષે સમાજ ઉત્થાનના અસરકારક સંદેશ સાથે મુંબઈ શહેરની સંવેદનશીલતામાં વધારો કરતાં, પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈ સંસ્થાપિત વિશ્વવ્યાપી સમાજ-કલ્યાણકારી અભિયાન ‘શ્રીમદ્ રાજચંદ્ર લવ એન્ડ કેર’ની ‘ટાટા મુંબઈ મેરેથોન ૨૦૨૦’ની થીમ હતી, ‘Light Up Someone’s Life’! તેમની વેશભૂષાના મધ્યમાં એક પાવરહાઉસ હતું, ‘શ્રીમદ્ રાજચંદ્ર લવ એન્ડ કેર’ના પ્રતીકરૂપે! આ પાવરહાઉસમાંથી પ્રકાશ લઈ બીજા અનેક બલ્બ પ્રજ્વલિત થયાં હતાં - ‘શ્રીમદ્ રાજચંદ્ર લવ એન્ડ કેર’ ના ૧૦ મુદ્દાના કાર્યક્રમ - આરોગ્ય સેવા, શૈક્ષણિક સેવા, બાળ સેવા, મહિલા સેવા, આદિવાસી સેવા, સમાજ સેવા, માનવીય સેવા, સંકટસહાય સેવા, પ્રાણી સેવા તથા પર્યાવરણસુરક્ષા સેવા. આ દસ મુદ્દા અંતર્ગત વિશ્વભરમાં ૫૦થી વધુ સેવા પ્રોજેઞ્ટસ્ કાર્યરત છે, જેમાં હજારો સેવકો પ્રેમપૂર્વક, નિષ્ઠાભરી સેવા આપી રહ્યા છે. આમ આ થીમ દર્શાવે છે કે એ સબળ પાવરહાઉસમાંથી જ્યોતિ લઈ અનેક જ્યોતિ પ્રજ્વલિત થઈ છે જે થકી વિશ્વભરમાં ૫૩.૫૦ લાખથી વધુ જરૂરિયાતમંદ જીવન પ્રકાશિત થયાં છે! આ વર્ષે ‘ટાટા મુંબઈ મેરેથોન ૨૦૨૦’ માં ‘શ્રીમદ્ રાજચંદ્ર લવ એન્ડ કેર’ ને સમર્થન કરતાં ૫૦ કોર્પોરેટ ટીમ સાથે ૧,૫૦૦થી વધુ સમર્થકો જાણે સમગ્ર વિશ્વને પ્રકાશમય બનાવવાના ઉદ્દેશ્ય સાથે દોડ્યા હતા! આમ ‘શ્રીમદ્ રાજચંદ્ર લવ એન્ડ કેર’ નું પાવર હાઉસ તેના અનેક સેવાકાર્યો થકી આવી અનેક જ્યોતિઓ પ્રગટાવી વિશ્વને પ્રકાશમય બનાવી રહ્યું છે.